# તાલુકા/જિલ્લા પંચાયતોની ચૂંટણીની મતગણતરી અને પરિણામોની જાહેરાત



## રાજ્ય ચૂંટણી આયોગ
## ગાંધીનગર

# Disclaimer

❖આ તાલીમ મોડ્યુલ કોઈપણ કાયદાઓ, નિયમો, હેન્ડબૂક, ચેકલીસ્ટ, રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓનો વિકલ્પ નથી. પરંતુ ચૂંટણીની કામગીરી સરળ રીતે સમજવા માટેનું એક સાધન માત્ર છે.

# મતગણતરીની પ્રક્રિયા

- મતગણતરી ને લગતી મહત્વની જોગવાઈઓ
- મતગણતરી એજન્ટો અને મતગણતરી સ્ટાફની વ્યવસ્થા અંગે ખાતરી કરવી
- મતગણતરી કેન્દ્રો પર માળખાકીય સુવિધાઓ અને સલામતી વ્યવસ્થા
- રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓ મુજબ પોસ્ટલ બેલેટ પેપરની ગણતરી કરવી
- રાજ્ય ચૂંટણી આયોગની સૂચનાઓ મુજબ વીજાણુ મતદાન યંત્રમાં નોંધાયેલ મતોની ગણતરી કરવી
- મતગણતરી પૂર્ણ થયે વીજાણુ મતદાન યંત્ર અને અન્ય સામગ્રી સીલ કરવી.
- ચૂંટણી પરિણામોની જાહેરાત કરવી
- ઉમેદવારોને તેમની ડીપોઝીટ ઠરાવેલ ધોરણોસર પરત કરવી.

# ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો – ૧૯૯૪ની જોગવાઈઓ
## નિયમ-૫૫ મત ગણતરી માટેનો સમય અને સ્થળ નક્કી કરવા :-

- ચૂંટણી અધિકારી મતદાન માટે નક્કી કરેલી તારીખ અથવા તારીખોમાંથી પ્રથમ તારીખથી ઓછામાં ઓછા એક અઠવાડિયા અગાઉ મતગણતરી કરવાનું સ્થળ અને મત ગણતરી શરૂ કરવાની તારીખ અને સમય નક્કી કરશે અને દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને નમૂના – ૨૪ પ્રમાણેની તેની લેખીત નોટિસ આપશે.
- પરંતુ ચૂંટણી અધિકારીને કોઇ કારણે એમ કરવું જરૂરી જણાય, તો તે દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને એવી રીતે નક્કી કરેલી તારીખ તથા સમય અને સ્થળમાં તેમાંની કોઇ પણ બાબતમાં ફેરફાર કરવાની લેખિત નોટિસ આપ્યા પછી તે તેમાં ફેરફાર કરી શકશે.

# નમૂનો - ૨૪
## (જુઓ નિયમ ૫૫)

મત ગણતરી માટે ઠરાવેલા તારીખ, સમય અને સ્થળ સંબંધી ઉમેદવારો અને તેમના એજન્ટોને નોટીસ.

.................... મતદાર વિભાગમાંથી ...................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી/ ................. ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિમ, ૫૫ અનુસાર, હું આથી, નોટીસ આપું છું કે મેં સદરહુ નિયમ અનુસાર મતદાર વિભાગમાં મતોની ગણતરી કરવાના તારીખ અને સમય તરીકે સને ૨૦ .........ના (મહીના)ની ......................તારીખ અને ....................... (સમય) અને આવી ગણતરીના સ્થળ તરીકે...................... (સ્થળ) નક્કી કર્યા છે.

સ્થળ : .....................

તારીખ : .................

ચૂંટણી અધિકારી,

................ મતદાર વિભાગ.

પ્રતિ,

તમામ ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટો.

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નિયમ-૫૬. મતગણતરી એજન્ટોની નિમણૂક અને એવી નિમણૂક રદ કરવા બાબત :-

(૧) હરીફ ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, ટેબલદીઠ એક મતગણતરી એજન્ટ લેખે મતગણતરી એજન્ટની અને ચૂંટણી અધિકારીના ટેબલે ગણતરીની દેખરેખ રાખવા માટે એક વધારે મત ગણતરી એજન્ટની નિમણૂક કરી શકશે.

(૨) આવી દરેક નિમણૂક નમૂના – ૨૫ મુજબ બે નકલોમાં હોવી જોઈશે અને તેની એક નકલ ચૂંટણી અધિકારીને મોકલવી જોઈશે., જ્યારે તેની બીજી નકલ નિયમ -૫૫ હેઠળ મતગણતરી માટે નક્કી કરેલા સમયના મોડામાં મોડા એક કલાક અગાઉ ચૂંટણી અધિકારીની સમક્ષ કરવા માટે મતગણતરી માટે એજન્ટને મોકલવી જોઈશે.

(૩) કોઈ મત ગણતરી એજન્ટે પેટા – નિયમ (૨) હેઠળ તેની નિમણૂકની બીજી નકલ યોગ્ય રીતે ભરીને અને તેમાં આપેલા એકરાર ઉપર સહી કરીને ચૂંટણી અધિકારીને આપી ન હોય અને મત ગણતરી માટે નક્કી કરેલા સ્થળે દાખલ થવા માટે ચૂંટણી અધિકારી પાસેથી અધિકાર પત્ર મેળવ્યો ન હોય તો તેને મત ગણતરી માટે નક્કી કરેલા સ્થળે દાખલ કરવામાં આવશે નહીં.

(૪) હરીફ ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, નમૂના ૨૬ મુજબની મતગણતરી એજન્ટની નીમણુંક રદ કરી શકશે અને ચૂંટણી અધીકારી પાસે જે તારીખેથી નીમણુંક પત્ર મુકવામાં આવે તે તારીખથી તે અમલી ગણાશે. એવી રીતે રદ કરવાના પ્રસંગે અથવા મતગણતરીની શરૂઆત પહેલાં મતગણતરી એજન્ટનું મૃત્યુ થાય તે પ્રસંગે, ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ મત ગણતરી કરવાનું કામ શરૂ કરવામાં આવે તે પહેલાં કોઈપણ સમયે બીજા મત ગણતરી એજન્ટની નિમણૂક પેટા – નિયમ (૨) અનુસાર કરી શકશે.

# નમૂનો - ૨૫

(જુઓ નિયમ ૫૬ (૨))

## મત ગણતરી એજન્ટની નિમણૂંક

.................. મતદાર વિભાગમાંથી ..................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી/............... ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
......................મતદાર વિભાગ,

હું .....................x ઉમેદવાર/ઉપર્યુક્ત ચૂંટણીમાંના ........................ ઉમેદવારનો ચૂંટણી એજન્ટ ............ આથી, નીચેની વ્યક્તિઓને ..................... સ્થળે મતોની ગણતરીના કામ માટે મારા મત ગણતરી એજન્ટ તરીકે નીમું છું.

| મત ગણતરી એજન્ટનું નામ | મત ગણતરી એજન્ટોના સરનામાં |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| વગેરે | x ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી. |

---

અમે આવા મત ગણતરી એજન્ટો તરીકે કામ કરવા કબૂલ કરીએ છીએ.

૧.
૨.
૩.
વગેરે

---

સ્થળ :

તારીખ : મતગણતરી એજન્ટોની સહી

### મત ગણતરી એજન્ટોનો એકરાર
(ચૂંટણી અધિકારી સમક્ષ સહી કરવી)

અમે, આથી જાહેર કરીએ છીએ કે અમે ઉપરની ચૂંટણીમાં, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૮ જે, અમે વાંચી છે/અમારી સમક્ષ વાંચવામાં આવી છે, તેનાથી મનાઈ ફરમાવેલું કોઈ કૃત્ય કરીશું નહીં.

૧.

૨.

૩.

વગેરે

---

તારીખ.................. મતગણતરી એજન્ટોની સહી
મારી સમક્ષ સહી કરી છે.
ચૂંટણી અધિકારી
તારીખ.................. ............ મતદાર વિભાગ

# નમૂનો - ૨૬

(જુઓ નિયમ ૫૬(૪))

## મત ગણતરી એજન્ટની નિમણુંક રદ કરવા બાબત

.................... મતદાર વિભાગમાંથી ...................... x ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી/................ ગામ પંચાયતના સરપંચની ચૂંટણી.

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

.................. મતદાર વિભાગ.

હું .................... (ઉપર્યુક્ત ચૂંટણીનો ઉમેદવાર x (...................નો ચૂંટણી એજન્ટ) x મારા/તેના મતદાર એજન્ટ ........................ ની નિમણુંક, આથી રદ કરું છું.

સ્થળ :......................

તારીખ : ..................

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

---

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નિયમ ૫૭ મતગણતરી માટે નક્કી કરેલા સ્થળે દાખલ થવા બાબત

(૧) ચૂંટણી અધિકારી, નીચેની વ્યક્તિઓને પેટા – નિયમ (૨) અનુસાર સિવાય, મત ગણતરી માટે નક્કી કરેલ સ્થળમાંથી બહાર કાઢી મુકશે.

(ક) મત ગણતરી – સુપરવાઈઝરો અને મત ગણતરી કરવામાં તેમને મદદ કરવા માટે મત ગણતરી મદદનીશો તરીકે તેણે નીમેલી વ્યક્તિઓને,

(ખ) જિલ્લા ચૂંટણી અધિકારીએ અથવા ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલી વ્યક્તિઓને,

(ગ) ચૂંટણી અંગેની ફરજ ઉપરના રાજ્ય નોકરોને અને

(ઘ) ઉમેદવારોને, તેમના ચૂંટણી એજન્ટોને અને મતગણતરી એજન્ટોને.

(૨) ચૂંટણી અધિકારીએ ખાતરી કરવી કે ચૂંટણીમાં કે તે અંગેની ઉમેદવારે અથવા તેના વતી કામે રાખેલી અથવા તેના માટે અન્યથા કામ કરતી વ્યક્તિને મતગણતરીમાં તેની મદદ કરવા માટે નિમવામાં આવી નથી.

(૩) કયા મત ગણતરી એજન્ટે અથવા એજન્ટોએ કોઈ ખાસ મતગણતરી ટેબલ અથવા અમુક મતગણતરી ટેબલોના સમુહ ઉપર મતગણતરીની દેખરેખ રાખવી તે ચૂંટણી અધિકારી નક્કી કરશે અને તેનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(૪) જે કોઈ વ્યક્તિ મત ગણતરી દરમ્યાન, પોતે ગેરવર્તણૂંક કરે અથવા ચૂંટણી અધિકારીના કાયદેસરના આદેશોનું પાલન ન કરે, તેને જ્યાં મતોની ગણતરી કરવામાં આવી રહી હોય તે સ્થળેથી, ચૂંટણી અધિકારી અથવા ફરજ ઉપરના કોઈ પોલિસ અધિકારી અથવા ચૂંટણી અધિકારીએ આ માટે અધિકૃત કરેલી કોઈ વ્યક્તિ દ્વારા દૂર કરી શકાશે.

# નિયમ-૫૮. ટપાલ દ્વારા મળેલા મતોની ગણતરી

૧) ચૂંટણી અધિકારીએ આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે ટપાલ મતપત્રો અંગે પ્રથમ કાર્યવાહી શરૂ કરવી જોઈશે.

૨) તે માટે નક્કી કરેલો સમય પુરો થયા પછી (મતગણતરીના આરંભ માટે નક્કી કરેલ સમય પહેલાં નિયમ-૩૨) ચૂંટણી અધિકારીને નમૂના ૧૮ પ્રમાણેનું મળેલું કવર ખોલવું નહીં. અને આવા કોઈ કવરમાં મોકલી આપેલો મત ગણતરીમાં લેવો નહીં.

૩) બીજા કવરો, એક પછી એક એ પ્રમાણે ખોલવાં જોઈશે અને દરેક કવર ખોલવામાં આવે તો તેમ તેમ ચૂંટણી અધિકારીએ તેમાં જણાવેલા નમૂના - ૧૬ મુજબના એકરારની ચકાસણી પ્રથમ કરવી જોઈશે.

૪) સદરહું એકરાર મળી ન આવે અથવા તેમાં દાખલ કર્યા પ્રમાણે મતપત્રનો અનુક્રમ નંબર નમૂના – ૧૭ મુજબના કવર ઉપર શેરો કરેલાં અનુક્રમ નંબરથી જુદો પડતો હોય, તો તે કવર ખોલવું નહીં અને તેના ઉપર યોગ્ય રીતે શેરો કર્યા પછી ચૂંટણી અધિકારી તેમાં સમાવેશ કરેલું મતપત્ર રદ કરશે.

૫) એવી રીતે શેરો કરેલું દરેક કવર અને તેની સાથે મળેલો એકરાર નમુનો – ૨૦ પ્રમાણેના કવરમાં ફરી મુકવામાં જોઈશે અને તેની ઉપર મતદાર વિભાગનું નામ, મતગણતરીની તારીખ અને તેની વિગતોનું સંક્ષિપ્ત વર્ણન લખવા જોઈશે.

૬) ત્યારબાદ ચૂંટણી અધિકારી નમૂના – ૧૬ પ્રમાણેના જે એકરારો વ્યવસ્થિત જણાયા હોય તે તમામ એકરારો નમૂના – ૧૭ મુજબનું કોઈપણ કવર ખોલવવામાં આવે તે પહેલાં જુદા પેકેટમાં મુકી તેને સીલ કરવા જોઈશે અને તેની ઉપર – પેટા નિયમ (૫) માં ઉલ્લેખેલી વિગતો નોંધવી જોઈશે.

# નિયમ-૫૮. ટપાલ દ્વારા મળેલા મતોની ગણતરી

૭) આ નિયમની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ નિકાલ નહીં કરેલા નમૂના – ૧૭ પ્રમાણેના કવરો ત્યારબાદ એક પછી એક ખોલવાં જોઈશે અને ચૂંટણી અધિકારી દરેક મતપત્રની ચકાસણે કરશે અને તેની ઉપર નોંધેલા મતની માન્યતા નક્કી કરશે.

૮) ટપાલ મતપત્રોનો નીચેના સંજોગોમાં અસ્વીકાર કરવામાં આવશે :-

(ક) (મત ઉપર નોંધવાની નિશાની સીવાય બીજી) કોઈ નિશાની તેના ઉપર કરી હોય અથવા તેના ઉપર એનું લખાણ કર્યું હોય કે જેથી મતદારને ઓળખી શકાય એમ હોય તો, અથવા

(ખ) તેની ઉપર મત નોંધવામાં આવ્યો ન હોય તો, અથવા

(ગ) એક કરતાં વધારે ઉમેદવારોની તરફેણમાં તેની ઉપર મતો આપેલા હોય તો, અથવા.

(ઘ) તે બનાવટી મતપત્ર હોય તો, અથવા.

(ચ) તેને એવી રીતે નુકશાન થયું હોય અથવા એવી રીતે વિકૃત કર્યું હોય કે ખરા મતપત્ર તરીકે તેને સાબિત કરી શકાય તેમ ન હોય તો અથવા,

(છ) ચૂંટણી અધિકારીએ મતદારને તેની સાથે મોકલી આપેલા કવરમાં પાછું મોકલ્યું ન હોય તો, અથવા

(જ) મતપત્ર ઉપર મત દર્શાવતી નિશાની એવી રીતે મૂકી હોય કે કયા ઉમેદવારને મત આપેલ છે તે બાબત શંકાસ્પદ બને તો.

# નિયમ-૫૮. ટપાલ દ્વારા મળેલા મતોની ગણતરી

(૯) ટપાલ મતપત્રો ઉપર જે રીતે નિશાની કરેલી હોય તે ઉપરથી એવો ઈરાદો સ્પષ્ટ જણાઈ આવે કે મત અમુક ઉમેદવાર માટેનો હશે તો, મતદર્શાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા એક કરતાં વધારે વાર કરવામાં આવી છે તે કારણે ટપાલ મતપત્ર ઉપર નોંધેલા મતનો અસ્વીકાર કરવામાં આવશે નહીં.

(૧૦) ચૂંટણી અધિકારી દરેક ઉમેદવારની તરફેણમાં ટપાલ મતપત્રથી આપેલા તમામ માન્ય મતો ગણાશે, નમૂના – ૨૭ (ક) પ્રમાણેના પરિણામ પત્રકમાં તેનો સરવાળો નોંધશે અને તેની જાહેરાત કરશે.

(11) ત્યાર પછી તમામ માન્ય ટપાલ મતપત્રો અને તમામ અસ્વીકાર કરેલા ટપાલમતપત્રોના જુદા બંડલો બાંધવામાં આવશે અને પેકેટમાં બધા સાથે રાખવામાં આવશે, જેના ઉપર ચૂંટણી અધિકારીના અને તેમના ઉપર પોતાના સીલ લગાડવામા માંગતા હોય તેવા ઉમેદવારો તેમના ચૂંટણી એજન્ટો અથવા મતગણતરી એજન્ટોના સીલ તેની ઉપર તેની વિગતોનું સંક્ષિપ્ત વર્ણન લખવામાં આવશે.

# નિયમ - ૬૧. મતોની ફેર ગણતરી

(૧) ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા નિયમ – ૬૦ પેટા – નિયમ (૭) હેઠળ જાહેર કર્યા પછી ઉમેદવાર અથવા તેની ગેરહાજરીમાં તેના ચૂંટણી એજન્ટ અથવા તેના કોઉપણ મત ગણતરી એજન્ટ, આવી ફેર મતગણતરીની માંગણી કરવાના કારણો સંપૂર્ણત: અથવા અંશત: જણાવીને ફેરતપાસણી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિતમાં અરજી કરી શકાશે.

(૨) ચૂંટણી અધિકારીને કરવામાં આવેલી અરજી ઉપરથી તે બાબતનો નિર્ણય કરશે અને અરજી પૂર્ણત: અથવા અંશત: મંજુર કરી શકાશે અથવા અરજી નજીવી અથવા ગેરવાજબી હોવાનું તેને જણાય તો તે સંપૂર્ણત: નામંજૂર કરી શકશે.

(૩) પેટા – નિયમ (૨) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય, લેખીતમાં અને તેના માટેના કારણોવાળો હોવો જોઈશે.

(૪) ચૂંટણી અધિકારી, પેટા – નિયમ (૨) હેઠળ, સંપૂર્ણત : અથવા અંશત: મતોની ફેર ગણતરી કરવાની છૂટ અથવા તો નિર્ણય કરે તો તે –

(ક) નિયમ – ૫૮ અથવા યથાપ્રસંગ નિયમ – ૬૦ અનુસાર ફેરગણતરી કરશે,

(ખ) આવી રીતે ફેરગણતરી કર્યા પછી જરૂરી હોય તેટલા પ્રમાણમાં નમૂના ૨૭(ક) મુજબ પરિણામ પત્રક સુધારશે,

(ગ) એવી રીતે તેણે કરેલા સુધારા જાહેર કરશે.

(૫) દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા, નિયમ – ૬૦ના પેટા – નિયમ (૭) હેઠળ અથવા પેટા – નિયમ (૪) હેઠળ જાહેર કરવામાં આવે તે પછી, ચૂંટણી અધિકારી, નમૂના ૨૭(ક) મુજબ પરિણામ પત્રક તૈયાર સહી કરશે અને ફેરગણતરી માટેની કોઈ અરજી ત્યાર પછી દાખલ કરશે નહીં.

પરંતુ આ પેટા – નિયમ હેઠળનું કોઈપણ પગલું, તે પુરી થયે હાજર ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોને પેટા – નિયમ (૧)થી મળેલ સત્તા વાપરવાની વાજબી તક આપવામાં ન આવે ત્યાં સુધી મત ગણતરી પૂરી થયે લઈ શકાશે નહીં.

# વીજાણુ મતદાન યંત્રોમાં નોંધાયેલ મતોની ગણતરી કરવા બાબત નિયમ ૬૪-ક મતદાન યંત્રની ચકાસણી અને તપાસ :-

(૧) ચૂંટણી અધિકારી, એક કરતાં વધુ મતદાન મથકો ખાતે ઉપયોગમાં લેવાયેલ મતદાન યંત્રના નિયંત્રણ એકમો ચકાસણી અને તપાસ માટે લઈ શકશે અને એવા એકમોમાં નોધાયેલ મતોની ગણતરી એકી સાથે કરી શકાશે.

(૨) પેટા – નિયમ (૧) હેઠળ કોઈ મતદાન યંત્રના નિયંત્રણ એકમમાં મતોની ગણતરી કરતાં પહેલાં મત ગણતરી ટેબલ ખાતે હાજર ઉમેદવાર અથવા તેનાં ચૂંટણી એજન્ટ અથવા તેના મત ગણતરી એજન્ટોને એકમ ઉપર લગાવવામાં આવેલ હોય તેવા પેપર સીલ અને એવા બીજા મહત્વના સીલ તપાસવા દેવા જોઈશે અને સીલ યથાવત છે તેની ખાતરી તેમને કરવા દેવી જોઈશે.

(૩) ચૂંટણી અધિકારીએ પોતે ખાતરી કરવી જોઈશે કે ખરેખર કોઈ મતદાન યંત્ર સાથે ચેડાં કરવામાં આવ્યા નથી.

(૪) ચૂંટણી અધિકારીનો એવો અભિપ્રાય હોય કે કોઈ મતદાન યંત્ર સાથે ચેડા કરવામાં આવ્યાં છે ત્યારે, તેણે તે યંત્રમાં નોંધાયેલ મતો ગણતરીમાં લેવા જોઈશે નહિ અને જ્યાં તે યંત્રનો ઉપયોગ કરાયો હતો તે મતદાન મથકના સંબંધમાં લાગુ પડે તેવા નિયમ – ૪૯ અથવા ૫૪- ભ અથવા ૫૯માં જણાવેલે કાર્યરીતિ અનુસરવી જોઈશે.

# નિયમ-૬૪.ખ મતોની ગણતરી

(૧) ચૂંટણી અધિકારીને ખાતરી થાય કે મતદાન યંત્ર સાથે ખરેખર ચેડાં કરવામાં આવ્યાં નથી. તે પછી તેણે નિયંત્રણ એકમ, જેના ધ્વારા કુલ મતદાન થયું હોય તેમાં જોગવાઇ કરેલ, “પરિણામ” નિશાનીવાળું યોગ્ય બટન દબાવીને તેમાં નોંધાયેલ મતોની ગણતરી કરવી જોઇશે અને દરેક ઉમેદવારે મેળવેલ મતો એવા દરેક ઉમેદવારના સંબંધમાં એકમમાં તે હેતુ માટે જોગવાઇ કરેલ ડિસ્પ્લે પેનલ પર પ્રદર્શિત કરવા જોઇશે.

(૨) નિયંત્રણ એકમમાં દરેક ઉમેદવારે મેળવેલ મતો પ્રદર્શિત થાય ત્યારે, ચૂંટણી અધિકારીએ :-

(૧) નમૂના ૨૩- ખ ના ભાગ – ૨ માં દરેક ઉમેદવારના સંબંધમાં આવા મતોની સંખ્યા અલગ રીતે નોંધવી જોઇશે.

(૨) બીજી બાબતના સંબંધમાં, નમૂના ૨૩ – ખ નો ભાગ – ૨ પૂરેપૂરો ભરવો જોઇશે અને મતગણતરી કરનાર નિરીક્ષકે અને ઉમેદવાર અથવા હાજર રહેલ તેના ચૂંટણી એજન્ટ અથવા મતગણતરી કરનાર એજન્ટે પણ સહી કરવી જોઇશે; અને.

(૩) નમૂના ૨૭ (ક) માં અથવા રાજ્ય ચૂંટણી આયોગ ઠરાવેલા નમૂનામાંના પરિણામ પત્રકમાં તત્સમાન નોંધો કરવી જોઇશે અને પરિણામ પત્રકમાં એવી રીતે નોંધેલી વિગતો જાહેર કરવી જોઇશે.

# નિયમો-૬૪ ઘ. ભાગ ૭ ની બીજી જોગવાઈઓ લાગુ પડવા બાબત

(૧) મતદાન યંત્ર દ્વારા મતદાન નોંધાયેલ હોય ત્યારે મતોની ગણતરી અને પરિણામની જાહેરાતના સંબંધમાં ભાગ – ૭ ના નિયમો ૫૫ થી ૫૮ અને ૬૧ ની જોગવાઈઓ ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે અને "મતપત્ર" અથવા "મતપેટી" ના કોઈપણ સંદર્ભના અર્થમાં અનુક્રમે "મતદાન યંત્ર" ઉપર નોંધાયેલ મતો" અથવા "વીજાણુ મતદાન યંત્ર" નો સમાવેશ થશે.

(૨) આ ભાગના કોઇ નિયમના કોઇ સંદર્ભનો અર્થ આ નિયમોના તત્સમાન નિયમના સંદર્ભ તરીકે કરવો. જોઈશે.

# નિયમો-૬૨. મતો સરખા પડવા બાબત

- મતોની ગણતરી પૂરી થયા પછી કોઈ ઉમેદવારને મતો સરખા મળ્યા હોય અને તે પૈકી કોઈ એક ઉમેદવારને એક મત વધુ ઉમેરવાથી તે ઉમેદવાર ચૂંટાયેલા જાહેર થવાને પાત્ર બને, તો ચૂંટણી અધિકારીએ તરત તે ઉમેદવારો વચ્ચે ચીઠ્ઠી નાખીને નિર્ણય કરવો જોઈશે અને જે ઉમેદવારની તરફેણમાં ચીઠ્ઠી નીકળી હોય તેને વધારોનો મત મળ્યો છે તેમ ગણીને તેણે આગળ કાર્યવાહી કરવી જોઈશે.

# નિયમ-૬૩. પરિણામની જાહેરાત અને પ્રસિદ્વિ

(૧) મતોની ગણતરી અથવા ફેરગણતરી પૂરી થઇ ગઇ હોય ત્યારે ચૂંટણી અધિકારીએ નમૂના ૨૮(ક) મુજબ ચૂંટણીનું પરિણામ પોતાની ઓફિસના નોટીસ બોર્ડ ઉપર નમૂના પ્રમાણેની સહી કરેલી નકલ ચોંટાડીને તુરત જાહેર કરવું જોઈશે, તેણે તેની નકલ, નીચેનાને પણ મોકલવી જોઈશે :-

(ક) રાજ્ય ચૂંટણી આયોગને,

(ખ) સરકારના સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને,

(ગ) વિકાસ કમિશ્નરને.,

(ઘ) જિલ્લા ચૂંટણી અધિકારીને,

(ચ) જિલ્લા પંચાયતને,

(છ) તાલુકા પંચાયતને,

(જ) ગ્રામ પંચાયત/સરઆયોગની ચૂંટણીના સંબંધમાં, ગ્રામ પંચાયતને.,

(૨) જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને મોકલેલ નકલ પંચાયતની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઈશે.

(૩) ચૂંટણી અધિકારી પાસેથી નમૂના ૧૨(ક) અથવા ૨૮(ક) પ્રમાણે પરિણામની જાહેરાત મળે કે તુરત ચૂંટણી આયોગે પોતાની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર તેની સહી કરેલી નકલ ચોટાડીને, લાગુ પડતા હોય તે પ્રમાણે નમૂના ૨૯(ક), ૩૦(ક) અથવા (૩૧) (ક) પ્રમાણે, કલમ ૧૫ની પેટા કલમ–૪ હેઠળ યથા પ્રસંગે ચૂંટાયેલા સભ્યોનું નામ અથવા સભ્યોના નામો પ્રસિદ્વ કરવા જોઈશે.

(૪) ચૂંટણી આયોગ એવી રીતે ચોંટાડેલા પરિણામની નકલ, નીચેનાને પણ મોકલાવી જોઈશે :-

(ક) સરકારના સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને,

(ખ) વિકાસ કમિશ્નરને,

# નિયમ-૬૩. પરિણામની જાહેરાત અને પ્રસિદ્ધિ

(ગ) જિલ્લા ચૂંટણી અધિકારીને

(ઘ) જિલ્લા પંચાયતને

(ચ) તાલુકા પંચાયતને

(છ) ગ્રામ પંચાયત અથવા સરપંચની ચૂંટણીઓના સંબંધમાં ગ્રામ પંચાયતને

(૫)(ક) કોઈ વ્યક્તિ એક જ પંચાયતની એક કરતાં વધુ મતદાર વિભાગમાંથી અથવા એક જ ગ્રામ પંચાયતના સભ્ય તથા સરપંચ એમ બંને તરીકે ચૂંટાયેલો હોય તો તેણે પોતાની સહી કરેલી લેખિત નોટિસ આપીને અને એવી ચૂંટણીના પરિણામના પ્રસિદ્ધિની તારીખ થી પંદર દિવસની અંદર ચૂંટણી અધિકારીને કયા મતદાર વિભાગમાંથી સેવા કરવા માંગે છે અથવા યથા પ્રસંગ, સભ્ય અથવા સરપંચ તરીકે પસંદ થવા માગે છે તે પસંદ કરવું. પોતાની સહી કરેલી નોટીસ આપીને પહોંચાડવી જોઈશે. એવી પસંદગી કરવામાં આવેથી, બાકીની જગા, જગાઓ હોદ્દો અથવા હોદ્દાઓ ખાલી પડેલા ગણાશે.

(ખ) ખંડ (ક) હેઠળ આપેલ કોઈપણ જાણ છેવટની ગણાશે, અને રદબાતલ કરી શકાશે નહીં.

(ગ) આવી વ્યક્તિ ખંડ (ક)માં ઉલ્લેખ પસંદગી ન કરે તો,

(૧) આવી વ્યક્તિ એક જ પંચાયતના એક કરતાં વધુ મતદાર વિભાગમાંથી ચૂંટાય ત્યારે જે મતદાર વિભાગમાંથી તેણે સૌથી વધુ મતો મેળવ્યા હોય તે મતદાર વિભાગમાંથી ચૂંટાયેલી છે એમ ગણાશે અને બીજી બેઠક અથવા બેઠકો ખાલી પડેલ ગણાશે.

(૨) આવી વ્યક્તિ એક જ ગ્રામ પંચાયતના સભ્ય અને સરપંચ, એમ બન્ને તરીકે ચૂંટાઈ હોય ત્યારે તે, સરપંચ તરીકે ચૂંટાયેલી છે તેમ ગણાશે અને બેઠક અથવા બેઠકો ખાલી પડેલી

# નિયમ-૬૪. ઉપયોગમાં લીધેલા મતપત્રો અને બીજી વસ્તુઓને સીલ કરવા બાબત.

(૧) દરેક ઉમેદવારના માન્ય મતપત્રો અને અસ્વીકાર કરેલા મતપત્રોના જુદા જુદા બંડલો બાંધવા જોઈશે અને જુદા જુદા બંડલોનું જુદું પેકેટ બનાવવામાં આવશે. જેની ઉપર ચૂંટણી અધિકારીનો તેમજ તેના ઉપર પોતાના સીલ કરવા માંગતા ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો અથવા મત ગણતરી એજન્ટોના સીક્કાથી સીલ મારવામાં આવશે, અને એવી રીતે સીલ કરેલા પેકેટો ઉપર નીચેની વિગતો લખવી જોઈશે.

(ક) મતદાર વિભાગનું અને ગામનું નામ,

(ખ) જ્યાં મતપત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે મતદાન મથકની વિગતો,

(ગ) મત ગણતરીની તારીખ.

# નિયમ - ૬૪ ગ. મતદાન યંત્રો સીલ કરવા બાબત

(૧) નિયંત્રણ એકમમાં નોંધાયેલા મતદાનના પરિણામ, ઉમેદવાર દીઠ નક્કી કરવામાં આવ્યાં પછી અને નમૂના ૨૩-ખ ના ભાગ–૨ અને નમૂના ૨૭-ક અથવા રાજ્ય ચૂંટણી આયોગ ઠરાવે તેવા નમૂનામાં નોધ્યા પછી ચૂંટણી અધિકારીએ, એકમને પોતાના સીલથી અને તેની પર પોતાનું સીલ કરવા ઈચ્છતા હાજર રહેલા ઉમેદવારો અથવા તેના ચૂંટણી એજન્ટોનું સીલ લગાડીને ફરીથી સીલ કરવું જોઈશે. જેથી કરીને એકમમાં નોંધાયેલ મતદાનનું પરિણામ ભૂસાવું જોઈએ નહિ અને એકમમાં એવું પરિણામ મેમરીમાં સંઘરાયેલું હોવું જોઈશે.

(૨) એવી રીતે સીલ કરાયેલ નિયંત્રણ એકમ, ખાસ તૈયાર કરાયેલ બોક્ષમાં રાખવું જોઈશે. જેના પર ચૂંટણી અધિકારીએ નીચેની વિગતો નોંધવી જોઈશે :-

(ક) પંચાયતના મતદાર વિભાગ/ગ્રામ પંચાયતના વોર્ડ/ સરઆયોગની બેઠકનો નંબર અને નામ :-

(ખ) નિયંત્રણ એકમ જ્યાં ઉપયોગમાં લેવાયુ હોય તે મતદાન મથક અથવા મથકોની વિગતો :-

(ગ) નિયંત્રણ એકમનો અનુક્રમ નંબર;

(ઘ) મતદાનની તારીખ અને

(ચ) મતગણતરીની તારીખ.

# નમૂના ૨૩-ખ
## (જુઓ નિયમ ૫૪-દ, ૬૪ખ અને ૬૪ગ)
## (વિજાણું મતદાન યંત્રના ઉપયોગ સમયે)
## ભાગ-૧
## નોંધાયેલા મતોનો હિસાબ

.............................................ગ્રામ પંચાયતની સરપંચના હોદ્દાની......................
..................★મતદાર વિભાગમાંથી...............★ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી.
મતદાન મથકે મતદાન એકમમાં ઉપયોગમાં લેવાયેલ મતદાન નિયંત્રણ એકમ યંત્રનો ઓળખ નંબર.
........................
મતદાન એકમનો નંબર..........................................................................................

૧. મતદાન મથકમાં ફાળવેલ મતદારોની કુલ સંખ્યા.............................................
૨. મતદારો માટેના રજીસ્ટર (નમુના-૨૩ક)માં નોંધાયેલ મતદારોની કુલ સંખ્યા ...........................................
૩. નિયમ-૫૪-૭ હેઠળ મત નહિ આપવાનો નિર્ણય કરતા મતદારોની સંખ્યા..............................................
૪. નિયમ ૫૪-ઠ હેઠળ મત આપવાની છૂટ ન પામેલ મતદારોની સંખ્યા ..................................................
૫. મતદાન યંત્ર મુજબ નોંધાયેલ મતોની કુલ સંખ્યા.......................................................
૬. બાબત ૫ સામે દર્શાવેલ કુલ મતોની સંખ્યા, બાબત ૨ સામે દર્શાવેલા કુલ મતદારોની સંખ્યામાંથી બાબત-૩ સામે મતદાન ન કરવાનો નિર્ણય કરતાં મતદારોની સંખ્યા બાદ કર્યા પછી બાબત-૪ સામે દર્શાવેલા મતદારોની સંખ્યા બાદ કરતાં (૨-૩-૪)મળી રહે છે અથવા બીજી કોઈ વિસંગતતા ધ્યાન પર આવી છે. હા/ના
૭. નિયમ-૫૪-ત હેઠળ જે મતદારોને સુપરત (ટેન્ડર) કરેલા મતપત્રકો આપવામાં આવ્યા હતા તેની સંખ્યા............
૮. સુપરત (ટેન્ડર) કરેલ મતપત્રોની સંખ્યા...............

અનુક્રમ નંબર
......................થી......................સુધી

(ક) ઉપયોગ માટે મળેલા.......................................................................
(ખ) મતદારોને આપેલા..........................................................................
(ગ) વપરાયા વગરના અને પરત કરેલ..............................................................

૯. પેપરસીલનો હિસાબ
અનુક્રમ નંબર...........................
..........................થી.........................સુધી

મતદાન એજન્ટોની સહી

૧. પૂરા પાડવામાં આવેલ પેપર સીલનો અનુક્રમ નંબર
..........................થી..........................સુધી
૨. પૂરા પાડેલ પેપર સીલની કુલ સંખ્યા.....................
૩. વાપરેલ પેપર સીલની કુલ સંખ્યા.........................
૪. ચૂંટણી અધિકારીને પરત કરેલ વણવપરાયેલ પેપરસીલની સંખ્યા (બાબત-૨માંથી બાબત-૩ બાદ કરવા)
૫. પેપર સીલ બગડેલા હોય, તો તેનો અનુક્રમ નંબર......................

૧.........................
૨.........................
૩.........................
૪.........................
૫.........................
૬.........................

પ્રમુખ અધિકારીની સહી
મતદાન મથક ક્રમાંક........

સ્થળ:...........................
તારીખ:..........................

★ લાગું પડતું ન હોય તે છેકી નાંખવું.......

(જિલ્લા / તાલુકા પંચાયત માટે ૨૩-ખ નો)

ભાગ - ૨

## મતગણતરીનું પરિણામ

| અ.નં. | ઉમેદવારનું નામ / નોટા | નોંધાયેલ મતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ........................................ | ........................................ |
| ૨ | ........................................ | ........................................ |
| ૩ | ........................................ | ........................................ |
| ૪ | ........................................ | ........................................ |
| ૫ | "ઉપરના પૈકી કોઈ નહી". | |

ઉપર દર્શાવેલ કુલ મતોની સંખ્યા ભાગ-૧ની બાબત-૫ સામે દર્શાવેલા કુલ મતોની સંખ્યા સાથે મળી રહી છે અથવા બંનેની કુલ સંખ્યાઓમાં કોઈ વિસંગતતા ધ્યાને આવી છે કે કેમ ?

..........................................................................................

સ્થળ :

તારીખ : ગણતરી નિરીક્ષકની સહી

..........................................................................................

| અ.નં. | ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/ગણતરી એજન્ટનું નામ | પુરી સહી |
|---|---|---|
| ૧ | ........................................ | ........................................ |
| ૨ | ........................................ | ........................................ |
| ૩ | ........................................ | ........................................ |
| ૪ | ........................................ | ........................................ |
| ૫ | ........................................ | ........................................ |
| ૬ | ........................................ | ........................................ |
| ૭ | ........................................ | ........................................ |

સ્થળ : ................................

તારીખ : ..............................

............................ મતદાર વિભાગ                                        ચૂંટણી અધિકારીની સહી

# નમુના નં.-૨૭ (ક)

મતપેટીના ઉપયોગ સમયે

જુઓ નિયમ ૬૦ (૭) અને ૫૮ (૧૦)

**આખરી પરિણામ પત્રક**

....................x જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર ..... ....................ની x સામાન્ય/પેટા ચૂંટણી
....................તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર............................ની x સામાન્ય/પેટા ચૂંટણી
....................ગ્રામ પંચાયત વોર્ડ નંબર ...................... ની સામાન્ય/પેટાચૂંટણી/
....................x ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી

**ભાગ-૧**

મતદાર વિભાગના મતદારોની કુલ સંખ્યા . . . . . .

**મતદાન મથકોએ નોંધાયેલા મતોની સંખ્યા**

| મતદાન મથકના અનુક્રમ નંબર | મતપેટીમાંથી મળેલ કુલ મતપત્રો | સુપ્રત કરેલા મતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| વગેરે | | |
| કુલ એકંદર | . . . . . . . . . . | . . . . . . . . . . |

ચૂંટણી અધિકારી

..................................................xજિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ નં. .....
નામ ...................................................................અને હોદ્દો .............
..................................................ગ્રામ પંચાયત મતદાર વિભાગ નં ...............
નામ ...................................................................અને હોદ્દો .............

x લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

## રાઉન્ડવાર દરેક ઉમેદવાર અને નોટા (NOTA)ની તરફેણમાં પડેલા માન્ય મતો તથા અસ્વીકારાયેલા મતોની સંખ્યા

| અનુક્રમાંક | ઉમેદવારનું નામ/ નોટા (NOTA) | ટપાલ મતપત્રો દ્વારા નોંધાયેલ મતોની કુલ સંખ્યા | ઉમેદવાર/ નોટા ૧લો રાઉન્ડ | ઉમેદવાર/ નોટા ૨જો રાઉન્ડ | ઉમેદવાર/ નોટા ૩જો રાઉન્ડ | ઉમેદવાર/ નોટા ૪થો રાઉન્ડ | ઉમેદવાર/ નોટા ૫મો રાઉન્ડ | મતદાન માન્ય મતો (કો.નં.૪ થી ૮ નો સરવાળો) | થયેલ કુલ માન્ય મતો (કો.નં.૩ + ૯ નો સરવાળો) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ક | | | | | | | | |
| ૨ | ખ | | | | | | | | |
| ૩ | ગ | | | | | | | | |
| ૪ | ઘ | | | | | | | | |
| ૫ | ચ | | | | | | | | |
| ૬ | ઉપરના પૈકી કોઇ નહિ (નોટા-NOTA) | | | | | | | | |
| **કુલ માન્ય મતોની સંખ્યા** | | | | | | | | | |
| **અસ્વીકારાયેલા મતોની સંખ્યા** | | | | | | | | | |
| **માન્ય મતો તથા અસ્વીકારાયેલ મતોની કુલ સંખ્યા** | | | | | | | | | |

**ચૂંટણી અધિકારી**

..................જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ નં...........................

નામ...........................................................................અને હોદ્દો

...............................................................................................

સ્થળ :

તારીખ :

## નમુના નં.૧
## મત ગણતરી માટેનો ચેક મેમો.

................................★ જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર........નામ....................ની ચૂંટણી
................................તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર........નામ....................ની ચૂંટણી
................................★ ગ્રામ પંચાયત ....................ની ચૂંટણી
................................ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી.

### ભાગ-૧

ટેબલ નંબરઃ.......................................... રાઉન્ડ નંબરઃ............

મત ગણતરી સુપરવાઈઝરનું નામ અને હોદ્દો.........................................................

| | બંડલોની સંખ્યા | દરેક બંડલમાં કેટલા મતપત્રો | કુલ મતપત્રો ની સંખ્યા. |
|---|---|---|---|
| મતપત્રોની સંખ્યા. | | | |
| કુલ મતપત્રોની સંખ્યા. | | | |

તારીખ.................... વહેંચણી અધિકારીની સહી

### ભાગ-૨ ગણતરીનું પરિણામ.

| અ. નં. | ઉમેદવારનાર નામ | મતદાન થયેલ માન્ય મતોની સંખ્યા. |
|---|---|---|
| ૧ | ક | |
| ૨ | ખ | |
| ૩ | ગ | |
| ક્રમાનુસાર | | |
| કુલ. | | |

શંકાસ્પદ મતોની સંખ્યા. ...........................................................
અસ્વીકારવાપાત્ર મતોની સંખ્યા...........................................................
કુલ મતોની સંખ્યા. ...........................................................

તારીખઃ - -૨૦ મત ગણતરી સુપરવાઈઝરની સહી

**ચૂંટણી અધિકારી**
............★ જીલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ નં...........
નામ...............................
.................................ગ્રામ પંચાયત

નોધઃ દરેક ટેબલે રાઉન્ડવાર મત ગણતરી વખતે અલગ-અલગ ચેક મેમાના ફોર્મ ભરવાના છે.

# નમુનો-ક

જીલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણીન મત ગણતરી શરુ કરવાના એકરારનામા ( પંચનામા)નો નમુનો

..............................જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર........નામ....................ની ચૂંટણી

.............................. તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર........નામ....................ની ચૂંટણી

..............................ગ્રામ પંચાયત ....................ની ચૂંટણી

..............................ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણી.

ગામનું નામ ...........................................
મત ગણતરીનું સ્થળ ..................................................................
મતદાન મથક નંબર તથા નામ.......................................................
ટેબલ નંબર............................................................

આથી અમો ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/મત ગણતરી એજન્ટો એકરાર કરીએ છીએ કે, ઉપર જણાવેલ મતદાર વિભાગ /વોર્ડ/વોર્ડોની ચૂંટણીની ઉપર જણાવેલ મતદાન મથકે ઉપયોગમાં લેવાયેલી મતપેટીઓ મત ગણતરી વખતે સ્ટ્રોંગરૂમમાંથી બહાર લાવી મત ગણતરી માટે નિમાયેલ સુપરવાઈઝરને ઉપર જણાવેલ ટેબલે આપવામાં આવેલ. તે વખતે આ મતપેટીઓ સીલબંધ હાલતમાં હોવાથી અને આ મતપેટીઓનું સીલ તુટેલ નથી. અને મતપેટી સાથે કોઈ ચેડાં થયેલ નથી તેની નીચેની વિગતે ખાત્રી કરેલ છે.

(૧) મતપેટીને વીટાળેલ કપડાની થેલી ઉપર કરવામાં આવેલ સીલ અંકબંધ છે
(૨) વીટાળેલ કપડાની થેલીમાંથી મતપેટી બહાર કાઢવામાં આવેલ ત્યારે મતપેટી ઉપર કરવામાં આવેલ સીલ અકબંધ છે.
(૩) વીટાળેલ મત નાંખવાની ચીરાડ બંધ છે અને ખુલ્લી નથી.
(૪) મતપેટી ખોલવા માટેના કાણાવાળો ભાગ ખુલ્લો નથી, પરંતુ પેપરસીલથી બંધ થયેલ છે.

સ્થળ: ઉમેદવાર/ચૂંટણી એજન્ટ/મત ગણતરી એજન્ટની સહીઓ.
તારીખ: નામ. સહી.

## રૂબરૂ

મત ગણતરી સુપરવાઈઝર
ટેબલ નં................. મતદાન મથક નંબર............................... નામ........................
..........................જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર........................ નામ........................
..........................તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર......................... નામ........................
..........................ગ્રામ પંચાયત........................................

જિલ્લા/તાલુકા પંચાયત માટે

## ''નમૂનો-૨૭ ક''

(જુઓ નિયમ ૬૪-ખ અને ૬૪-ગ)

(વીજાણુ મતદાન યંત્રના ઉપયોગ સમયે)

## આખરી પરિણામ પત્રક

..............................................મતદાર વિભાગમાંની ........................................................................................ તાલુકા/જિલ્લા પંચાયતની / ..................... ની ચૂંટણી.

(ક) મતદાર વિભાગમાંના મતદારોની કુલ સંખ્યા

| મતદાર મથકનો અનુક્રમ નંબર અને નિયંત્રણ એકમ અને મતદાન એકમનો ઓળખ નંબર | ક ખ ગ (ઉમેદવારોના નામ /નોટા) ની તરફેણમાંના માન્યમતો / વીજાણુ મતદાન યંત્રમાં નોંધાયેલ મતોની સંખ્યા | વીજાણુ મતદાન યંત્રમાં નોંધાયેલ કુલ માન્ય મતો | સુપરત કરેલા મતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | | | |
| (૨) | | | |
| (૩) | | | |
| (૪) | | | |
| વગેરે | | | |
| (ખ) મતદાન મથક ખાતે નોંધાયેલ મતોની કુલ સંખ્યા | | | |
| (ગ) ટપાલ મતપત્રોમાં નોંધાયેલ મતોની સંખ્યા | | | |
| (ઘ) મતદાન થયેલ કુલ મતો | | | |

તારીખ :

સ્થળ : 

ચૂંટણી અધિકારી

...............મતદાર વિભાગ

---

* લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

# નમુનો-૨૮(ક)

(જુઓ નિયમ ૬૩(૧))

**★જીલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી માટે**

બેઠક માટે હરીફાઈ થઈ હોય ત્યારે સામાન્ય ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે હરીફાઈવાળી ચૂંટણીઓની બાબતમાં પરિણામની જાહેરાત

---

નીચે જણાવેલ મતદાર વિભાગમાંથી . . . . . . . . . ★તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪નાં નિયમ-૬૩નાં પેટા નિયમ (૧)માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર હું જાહેર કરું છુ કે :

નીચે જણાવેલ મતદાર વિભાગમાંથી . . . . . . . . . ★તાલુકા/જિલ્લા પંચાયતમાં તેની સામે જણાવેલ બેઠકો ભરવા/તેની સામે જણાવેલ ઉમેદવારને યોગ્ય રીતે ચુંટવામાં આવ્યા છે.

| અ. નં. | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | ★જિલ્લા/તાલુકા પંચાયતનાં મતદાર વિભાગનો સામાન્ય ક્રમાંક | ક્રમાંક નામ | બેઠક નો પ્રકાર | ચૂંટાયેલા સભ્યનું નામ | સરનામું | પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪અ | ૪બ | ૫ | ૬ | ૭ | ૮ |

સ્થળ :

તારીખ :

ચૂંટણી અધિકારી
. . . . . . . .★જિલ્લા/તાલુકા પંચાયત
મતદાર વિભાગ નં. . . . . . .
નામ . . . . . . . . . . .
અને હોદ્દો . . . . . . . . .

નં.

ચૂંટણી અધિકારીની કચેરીનું સરનામુ

તા :

પ્રતિ,

# નમુનો નં. ૨૯(ક)

## (જુઓ નિયમ ૬૩(૩))

## ★જીલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી માટે ( બિન હરીફ માટે)

(બેઠક માટે હરીફાઇ ન થઇ હોય ત્યારે સામાન્ય ચૂંટણી અથવા પેટા ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે)

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૨૨(૧) હેઠળ ચુંટાયેલા જાહેર થયેલા સભ્યોના નામની પ્રસિધ્ધિ.

---

નીચે જણાવેલ મતદાર વિભાગમાંથી . . . . . . . . . . . . ★તાલુકા/જીલ્લા પંચાયતની ચૂંટણી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૬૩ના પેટા નિયમ (૩) ની સાથે વાંચતા, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૫ની પેટા કલમ (૪) અનુસાર ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ આથી નીચે જણાવેલ મતદાર વિભાગમાંથી . . . . . . . . . . . .★તાલુકા/જિલ્લા પંચાયતની બેઠકો ભરવા તેની સામે જણાવેલ ઉમેદવારને કોઇપણ મતો લીધા વિના ચુંટાયેલા જાહેર કર્યા છે. તેઓના નામો સભ્ય તરીકે પ્રસિધ્ધ કરે છે.

| અ. નં. | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | ★જિલ્લા/તાલુકા પંચાયતનાં મતદાર વિભાગનો સામાન્ય ક્રમાંક તથા નામ | | બેઠક નો પ્રકાર | ચુટાયેલા સભ્યનું | | પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ક્રમાંક | નામ | | નામ | સરનામું | |
| ૧ | ૨ | ૩ | ૪અ | ૪બ | ૫ | ૬ | ૭ | ૮ |

સ્થળ :<br>
તારીખ :

સચિવ/નાયબ ચૂંટણી કમિશ્નર<br>
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર

નં.ક્રમાંક-રાચપ-ચટણ-પચત-પરિણામ<br>
**રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય,**<br>
બ્લોક નંબર ૯, ૬ઠ્ઠો માળ,<br>
સરદાર પટેલ ભવન, ગાંધીનગર<br>
તા :

# નમુનો ૩૧(ક)

(જુઓ નિયમ ૬૩(૩))

(બેઠક માટે હરીફાઈ થાય ત્યારે સામાન્ય ચૂંટણીમાં ઉપયોગ કરવા માટે)

## ★જીલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી માટે

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૬૩ના પેટા નિયમ (૩) સાથે વાંચતા, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૫ની પેટા કલમ (૪) હેઠળ ચૂંટાયેલા જાહેર થયા હોય તેવા સભ્યોનાં નામ પ્રસિધ્ધ કરવા બાબત.

---

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪નાં નિયમ ૬૩ના પેટા નિયમ (૩) સાથે વાંચતા, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૫ની પેટા કલમ (૪) અનુસાર ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ આથી નીચેના સભ્યોના નામો પ્રસિધ્ધ કરે છે. જેમને નીચે જણાવેલ મતદાર વિભાગમાંથી . . . . . . . . . . . .★તાલુકા/જિલ્લા પંચાયતમાં તેમના નામ સામે જણાવેલ બેઠક માટે ચુંટાયેલા જાહેર કર્યા છે.

| અ. નં. | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | ★જિલ્લા/તાલુકા પંચાયતનાં મતદાર વિભાગનો સામાન્ય ક્રમાંક | ક્રમાંક તથા નામ | બેઠક નો પ્રકાર | ચુટાયેલા સભ્યનું નામ | સરનામું | પક્ષ સાથેનું જોડાણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪અ | ૪બ | ૫ | ૬ | ૭ | ૮ |

સ્થળ :<br>તારીખ :

સચિવ/નાયબ ચૂંટણી કમિશ્નર<br>રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર

નં.


**રાજ્ય ચૂંટણી પંચની કચેરી,**<br>બ્લોક નંબર.૯, ૬ઠ્ઠો માળ,<br>નવા સચિવાલય, ગાંધીનગર

તા :

પ્રતિ,

# મતગણતરી સ્ટાફની જરુરિયાત

મતગણતરી હોલના કદ અને મતગણતરી ટેબલની સંખ્યાના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે.
પ્રત્યેક ટેબલ સામાન્ય જરુરિયાત







# મતગણતરી સ્ટાફની આવશ્યકતાઓ



જે વ્યક્તિએ ઉમેદવાર માટે ચૂંટણીમાં કામ કરેલું છે અથવા તો જેણે ઉમેદવાર વતી કોઈ કામ કરેલું છે તે દરેક વ્યકિત કાઉન્ટીંગ સ્ટાફ બની શકતો નથી.



મતગણતરી સુપરવાઈઝર રાજ્ય/કેન્દ્ર સરકારના કર્મચારી/અધિકારી હશે.



તેઓને જયારે મતગણતરીની ફરજ સોંપાય ત્યાં સુધી તેઓને તેમના ટેબલ અને મત વિસ્તારની જાણ નથી હોતી.



મતગણતરી સ્ટાફ માટે સઘન તાલીમ

# મતગણતરી એજન્ટો




દરેક ઉમેદવાર મતગણતરી ટેબલની સંખ્યા તથા એક ચૂંટણી અધિકારી સાથે મળી જરુરી સંખ્યામાં મતગણતરી એજેન્ટો નમૂના-૨૫માં નીમી શકાશે.

નિમણૂક પામેલા મતગણતરી એજન્ટની યાદીને આખરી કરી ફોટો ઓળખપત્ર આપવું અને માત્ર તેવા જ એજન્ટોને કાઉન્ટીંગ હોલમાં પ્રવેશવા પરવાનગી આપવી.

ઉમેદવાર દ્વારા નિયુક્ત મતગણતરી એજન્ટોની નમૂના-૨૬ થી નિમણૂક રદ કરી શકાય છે.

# મતગણતરી માટે પારદર્શિતા






# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

સમગ્ર જિલ્લા અને તાલુકા ચૂંટણીના મતોની ગણતરી એક જ સ્થળે કરવી

જો બે હોલ મંજૂર થયાં હોય, તો પ્રત્યેક હોલમાં જે પોલીંગ સ્ટેશનના મતોનીગણતરી થવાની હોય તે અગાઉથી નક્કી કરો અને ઉમેદવારોને તે સ્થળની જાણ કરો

આવા સ્થળ/હોલ ને એક અલગ રીતે જ પ્રવેશવાનો અને નીકળવાનો દરવાજો હોવો જોઈશે.

પ્રત્યેક મતગણતરી કેન્દ્રને અલગથી નંબર હોવા જોઈશે એ જ રીતે પ્રત્યેક મતગણતરી હોલને અલગ નંબરો હોવા જોઈશે.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- જો ૧૬ કરતાં વધું ઉમેદવારો હોય તો ગણતરી માટે બીજા હોલ માટેની વ્યવસ્થા થઈ શકે જેથી એજન્ટોની વધુ પડતી ભીડ અટકાવી શકાય.
- વધારાનો હોલ એ જ મકાનમાં અથવા તો નજીકની જગ્યાએ નક્કી કરવો.
- મતગણતરી સ્થળ આસપાસ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા જિલ્લા પોલીસ તંત્ર સાથે સંકલન રાખો આ માટે જરૂરી સલામતી કર્મચારીઓની જરૂરિયાત નક્કી કરવી.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

ગણતરી કેન્દ્રો પર માળખાગત સુવિધાઓ



હોલ સુવિધાઓ અને કર્મચારીઓ તથા એજન્ટો સમાઈ શકે તેવો વધુ જગ્યાવાળો હોવો જોઈએ



હોલમાં સ્ટેન્ડબાય વ્યવસ્થાઓ (જનરેટર વગેરે) સાથે પૂરતી લાઈટીંગ સુવિધાઓ હોવી જોઈએ.



પૂરતા અગ્નિશમન સાધનો પણ હોવા જોઈએ.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

## મતગણતરી હોલમાં ટેબલની સંખ્યા નક્કી કરવી.

- જિલ્લા/તાલુકાના જે તે વિભાગના મતદાન કેન્દ્રોની સંખ્યા
- મતગણતરી કેન્દ્ર માટે ઉપલબ્ધ જગ્યા
- ઉમેદવારોની સંખ્યા સંદર્ભમાં એજન્ટોની સંખ્યા
- મતગણતરી સ્ટાફની સંખ્યા
- સલામતીના મુદાઓ
- રાજ્ય ચૂંટણી આયોગની સૂચના મુજબ ટેબલ સંખ્યા ૧૪ થી વધુ ન હોવી જોઈએ. તેમ છતાં રાજ્ય ચૂંટણી આયોગનાં આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-મંતગ- ૬૩(૩) ૧૨૨૦૦૮-ક- તા.૨-૧૨-૨૦૦૮ની સૂચનાઓ મુજબ ચૂંટણી માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનું ધોરણ જળવાઈ રહે તે મુજબ સ્થાનિક જરૂરિયાતને અનુલક્ષીને મતગણતરી ટેબલોની સંખ્યા રાખવી.


# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- મતદાન માટે ઉપયોગમાં લીધેલ વીજાણુ મતદાન યંત્રોને સાચવવામાં, ઉમેદવારો, એજન્ટો કે તેમનાં પ્રતિનિધિઓ તરફથી અવરોધ ઉભો ન થાય તે માટે પ્રત્યેક ટેબલ પાસે એક આડશ ઉભી કરવી.
- પણ એજન્ટો સમગ્ર પ્રક્રિયા જોઈ શકવા જોઈએ.
- આડશો બનાવવામાં પારદર્શક વસ્તુનો ઉપયોગ કરવો.
- સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ રહે એ રીતે આડશો બનાવો
- કાઉન્ટીંગ હોલનું આદર્શ માળખું ધ્યાને લેવું
- મતગણતરીના આંકડા પ્રદર્શિત કરવા માટે વ્હાઈટ/બ્લેક બોર્ડની/સ્ક્રીનની વ્યવસ્થા ગોઠવવી અને તે  અદ્યતન રાખવામાં આવે તે માટે કર્મચારી નિયુક્ત કરવા.
- રાઉન્ડ મુજબ આંકડા હોલમાં એનાઉન્સ કરવા માટે જરૂરી માઈક્રોફોન વ્યવસ્થા પબ્લીક એડ્રેસ સીસ્ટમ ગોઠવવી.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

ANNEXURE XXXVIII-A
(CHAPTER XIV, PARA 5.4)


LAYOUT OF COUNTING HALL



# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

ANNEXURE XXXVIII-B
(CHAPTER XIV, PARA 5.4)

**Layout of Counting Hall**
EVMs – SIMULTANEOUS ELECTIONS –



# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- દરેક કાઉન્ટીંગ ટેબલ પર નીચેની વ્યવસ્થા કરવી.
- વાદળી બોલપોઈન્ટ પેન પૂરી પાડવી.
- સીલ તોડવા માટે એક કટર
- કાગળની બે શીટ
- પરિણામ તેમ જ કાઉન્ટીંગની વિગતોની માહિતીની જાહેરાત કરવા માટે લાઉડ સ્પીકરોની વ્યવસ્થા કરો.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- મતગણતરી કેન્દ્રો પર ઓબ્ઝર્વરને પૂરી પાડવાની વ્યવસ્થાઓ :
- ટેબલ અને ખુરશીઓ સહિત અલગ વ્યવસ્થા...
- એસટીડી તેમ જ ફેક્સ સાથેની ટેલીફોન વ્યવસ્થા
- આ ટેલીફોન માટેનો નંબર મત ગણતરીની તારીખ પહેલાંથી અગાઉથી મેળવી લેવાનો રહેશે.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- ગણતરી કેન્દ્રો ખાતે ચૂંટણી અધિકારી માટેની કેટલીક વ્યવસ્થાઓ :
- રાજ્ય ચૂંટણી આયોગ અને જિલ્લા ચૂંટણી અધિકારી સાથે સંપર્ક રાખવા માટે એક વધારાનો એસટીડી ટેલીફોન
- દરેક કાઉન્ટીંગ કેન્દ્ર પર સારું ચાલતું ફેકસ મશીન
- ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન રહેવા માટેની સુવિધાવાળું એક  કોમ્પ્યુટર કેન્દ્ર

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- મુખ્ય મત ગણતરી ક્ષેત્રથી દૂર આવેલ મિડિયા સેન્ટર પૂરતી સુવિધાઓથી સજજ હોય :
- ટેલિફોન
- ફેક્સ
- ડેટા કોમ્યૂનિકેશન
- સિનિયર ઓફિસર - મિડિયા કેન્દ્રમાં એ.આર.ઓ. અથવા પબ્લીક રીલેશન ડિપાર્ટમેન્ટ તરફથી અધિકારી હોય
- મીડિયા સેન્ટરમાં વર્તમાન ચૂંટણીની માહિતીનાં આંકડાકીય વિગતો અને ચાર્ટ મૂકવા.
- મીડિયા સેન્ટરમાં ગત ચૂંટણી/ચૂંટણીઓની આંકડાકિય વિગતો/ચાર્ટ વગેરે ડીસ્પ્લે કરવા.
- વખતો વખતના મતગણતરીના આંકડા ડીસ્પ્લે થાય તે માટેના વોર્ડ/ સ્ક્રીનની વ્યવસ્થા ગોઠવવી.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- મતગણતરી કેન્દ્રમાં બિનઅધિકૃત વ્યકિતઓને પ્રવેશતાં અટકાવવા માટે સલામતી વ્યવસ્થા
- કોઈ સ્ટાફ/ઉમેદવાર કે ચૂંટણી એજન્ટ ફોટા સાથેના ઓળખપત્રો રજૂ કર્યા વિના પ્રવેશી શકશે નહીં
- મત ગણતરી કેન્દ્રની બહાર ટોળાને કાબૂમાં લેવા માટે જરૂરી કાયદો/ વ્યવસ્થા ગોઠવવી
- પ્રવેશના દરવાજા પાસે પ્રથમ તપાસ બાદ જ તે બીજા લેવલ સુધી પહોંચી શકે
- મહિલાઓના પ્રવેશ માટે મહિલા પોલીસની નિમણૂક કરવી

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

## મતગણતરી હોલમાં પ્રવેશવા મંજૂર થયેલ વ્યકિતઓ

- મત ગણતરી સુપરવાઈઝર અને મતગણતરી મદદનીશ
- રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરેલ વ્યકિતઓ
- ચૂંટણીને લગતી ફરજમાં રોકાયેલા સરકારી કર્મચારીઓ
- ઉમેદવારો, તેઓના ચૂંટણી એજન્ટો અને કાઉન્ટીંગ એજન્ટો

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

## મત ગણતરી હોલમાં પ્રવેશવા મંજૂર નથી તેવા વ્યકિતઓ

- પોલીસ અધિકારીઓ/સલામતી કર્મચારીઓને સિવાય કે હોલની અંદર કાયદો અને વ્યવસ્થા જાળવવા બોલાવવા પડે.
- મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ, મંત્રીઓ, સિવાય કે તેઓ ઉમેદવારો હોય
- મતગણતરી એજન્ટ નમૂના-૨૫માં પોતાની સહી કર્યા પછી તેની નિમણૂકની બીજી નકલ ચૂંટણી અધિકારીને રજૂ ન કરે તેવી વ્યક્તિઓ.

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

## મતગણતરી કેન્દ્રમાં શિષ્ટ અને શિષ્ટાચાર

- એજન્ટોએ તેમને ફાળવાયેલા ટેબલ પર બેસવું.
- એજન્ટો હોલમાં ફરી શકતા નથી.
- વધારાના એજન્ટ બેસશે અને તમારા ટેબલ પર ચાલતી ગતિવિધિ પર નજર રાખશે.
- ચૂંટણી લડતા ઉમેદવાર વતી કાં તો ઉમેદવાર અથવા એજન્ટ બે માંથી કોઈ એક વ્યક્તિ મતગણતરી ટેબલ પર હાજર રહી શકશે.
- ઉમેદવારો અને ચૂંટણી એજન્ટો હોલમાં ફરી શકે છે.
- વધારાના મત ગણતરી એજન્ટ ઉમેદવાર અને ચૂંટણી એજન્ટની ગેરહાજરીમાં આસપાસમાં ફરી શકે છે

# મતગણતરી કામગીરી

નિયમ ૫૪ એ અંતર્ગત પોસ્ટલ બેલેટ પેપરોની ગણતરી સૌપ્રથમ કરવામાં આવે

પોસ્ટલ બેલેટની ગણતરી શરૂ થયાની ૧૫ મિનિટ બાદ ઈવીએમમાં પડેલા મતોની ગણતરી કરવામાં આવે. જો પોસ્ટલ બેલેટની ગણતરી મોડે સુધી પૂર્ણ ન થાય તો પણ રાહ જોવાની જરૂર નથી.

તમારા ટેબલ પર પોસ્ટલ બેલેટની ગણતરી કરવામાં આવે

મતગણતરી શરૂ થાય તે પહેલાં તમામ પોસ્ટલ બેલેટ પેપર તમારા દ્વારા મેળવી લેવામાં આવે અને તમારી સામે જ એની ગણતરી કરવામાં આવે

નક્કી થયેલ કલાક બાદ ફોર્મ ૧૩સી માંના કવરો ખોલાવા જોઈએ નહીં. તે કવરોનો અસ્વીકાર કરીને તેમના પર ખાસ નોંધ કરીને તેને અલગ કરવા જોઈએ

ફોર્મ ૧૩ સીમાંના સમયસર મળેલાં કવરો એ જ વખતે ખોલવામાં આવે

# પોસ્ટલ બેલેટ પેપરનો અસ્વીકાર કરવામાં આવશે, જો :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જો તે મત નોંધાયેલો ન હોય | મત એકથી વધુ ઉમેદવારો ને અપાયો હોય | જો તે નકલી બેલેટ પેપર હોય | પોસ્ટલ બેલેટ યોગ્ય હોય પણ જો તે નુકશાન પામેલ હોય, ફાટી ગયેલ હોય કે શંકાસ્પદ હોય | ચૂંટણી અધિકારી દ્વારા મોકલેલ કવરમાં પરત મોકલવામાં ન આવ્યો હોય. | શંકાસ્પદ માર્કિંગના કિસ્સામાં ચોક્કસ કોની તરફેણમાં મત આપવા માંગે છે તે સ્પષ્ટ થતું ન હોય. | એવી નિશાની કે લખાણ જેના દ્વારા મતદારની ઓળખ પ્રસ્થાપિત થતી હોય. |

# મતગણતરી કામગીરી

ક્રમ અનુસાર જ ઈવીએમ વિતરણ કરવાં.
દા.ત. પોલીંગ સ્ટેશન નં. ૧ નું ઈવીએમ ટેબલ નં. ૧ ઉપર મળે તે રીતે

આ વ્યવસ્થાની ખાતરી કરવા તમે એક નોડલ ઓફિસરની નિમણૂક કરી શકો

સી.યુ.ની વહેંચણીનો હિસાબ તમારી પાસે રાખો

ગણતરી માટે ફક્ત સી.યુ.ની જ જરૂર છે

ગણતરી હોલમાં બી.યુ. તો જ લાવવામાં આવશે જો તપાસની જરૂર પડે

જયારે ઈવીએમ બીજા રાઉન્ડ માટે લાવવામાં આવે

યોગ્ય રીતે ગણતરી કરવા તમામ હયાત ઈવીએમની ગણતરી

# મતગણતરી કામગીરી

સીયુની સાથોસાથ સીલ મારેલ નમૂનો - ૨૩ ખ (મતોનો હિસાબ) કાઉન્ટીંગ ટેબલ પર લાવવામાં આવે

પ્રિસાઈડીંગ ઓફિસરે મારેલ સીલને તપાસો

બેગ પરથી સીલ દૂર કરો, સીયુ બહાર કાઢો અને ગણતરી પહેલા ઉમેદવાર/એજન્ટ દ્વારા સીલ તપાસવાના ટેબલ પર મૂકો

જયારે બેગમાંથી સીયુ બહાર કઢાય ત્યારે તપાસો : એ જ સીયુ છે જે પોલીંગ સ્ટેશન પર અપાયું હતું અને તેનો સીરીયલ નંબર પણ સરખો જ છે. તમે મારેલ કેન્ડસેટ પરનું સીલ તપાસો રીઝલ્ટ સેક્શનની આઉટર સ્ટ્રીપ રીઝલ્ટ સેક્શનમાં સ્પેશિયલ ટેગ

પ્રિસાઈડીંગ ઓફીસર દવારા ફોર્મ ૨૩-ખ (આઈટમ ૯)માં  તૈયાર કરાયેલ સીલ હિસાબ અને બ્લયુ પેપર સીલના સિરયલ નંબર જૂઓ

નક્કી કરો કે આ કલેરીકલ ભૂલ  છે કે ખરેખર ચેડાં થયા છે. જો ચેડાં થયેલ હોય તો તેને બાજૂમાં રાખી તુરંત જ યોગ્ય નિર્ણય લો.

# મતગણતરી કામગીરી

1. જો સીલ ખરેખર ખંડીત થયું છે પણ ચેડાં નથી થયા તો પછી મતો ગણવામાં આવશે
2. 'સીયુ' ની સ્વીચ ઓન કરો
3. રીઝલ્ટ સેકશનના અંદરના કવરમાં આપેલ રીઝલ્ટ ૧ બટન પરનું સીલ તોડો
4. **Result I** બટન દબાવો
5. જે-તે મતદાન મથકમાં દરેક ઉમેદવારને મળેલા મતો દેખાશે
6. ફોર્મ ૨૩-ખ માં કાઉન્ટીંગનું પરિણામ
7. જો જરૂર પડે તો ઉમેદવારો/એજન્ટોને બતાવવા માટે ફરી વખત રીઝલ્ટ બટન દબાવો
8. રીઝલ્ટ નોંધાયા પછી રીઝલ્ટ સેકશનનું કવર બંધ કરો અને સીયુની સ્વીચ બંધ કરો

# મતગણતરી કામગીરી

કાઉન્ટીંગ સુપરવાઈઝરે ફોર્મ નમૂના ૨૩-ખ ના ભાગ-૨ માં રીઝલ્ટ સાથે સરખામણી કરવી અને તે **Item 5: Part I: Form 17C માં નોંધવામાં આવે**

→ ફોર્મ ભરાઈ ગયા પછી કાઉન્ટીંગ સુપરવાઈઝરે તેના પર સહી કરવાની

→ ટેબલ પર હાજર ઉમેદવારો/એજન્ટોની સહી કરાવો

→ તેણે એ પછી તે તમને સોંપી દેવું જોઈએ

→ બધું બરાબર રીતે ભરાયેલું છે તે બરાબર જાણીને ત્યાર બાદ ફોર્મમાં કાઉન્ટર સાઈન કરો

→ આ ફોર્મ જે ફાઈનલ પરિણામ ફોર્મ ૨૦માં તૈયાર કરે છે તેને મોકલવું

→ કાં તો પોલીંગ સ્ટેશન વાઈઝ દરેક ઉમેદવારને મળેલાં મતોની જાહેરાત કરો અથવા તો તેને બ્લેક બોર્ડમાં નોંધો જેથી દરેક વ્યકિત તેને જોઈ શકે

→ નમૂના ૨૩-ખ ના આધારે તમો નિયત નમૂનામાં રાઉન્ડ વાઈઝ પરિણામ તૈયાર કરશો

→ નમૂનો - ૨૩ ખ સાથે મતો મળી રહેવા જોઈએ.

# મતગણતરી કામગીરી

ઈવીએમમાં પડેલા મતોને ફરી વખત ગણવાનો કોઈ સવાલ રહેશે નહીં.

→ તેની પ્રમાણભૂતતા કે માન્યતા છે કે નહીં તે અંગે કોઈ વિવાદ રહેશે નહીં.

→ રીઝલ્ટ જાહેર કરવા સુધીમાં બે મિનિટ માટે અટકી જાઓ જેથી ઉમેદવાર કે એજન્ટ પોલીંગ બૂથ માટે અમુક કે બધા જ મતો ફેર ગણતરી માટે પૂછી શકે

→ ખાતરી કરો કે તે મતોની ફેર ગણતરી માટે લેખીતમાં અરજી  તૈયાર કરવામાં કેટલો સમય લેશે

→ જો સમય વ્યાજબી હોય તો કેટલા વાગ્યાને કેટલી મિનિટ સુધી તમે રાહ જોશો તે અંગે જાહેર કરો

→ આ સમય પૂરો થયા સુધીમાં નમૂનો ૨૭(ક) કે નમૂનો -૨૮(ક) માં સહી ન કરો

→ કયાં આધારે અરજી કરાઈ છે તે નકકી કરો અને જો અરજી બધી રીતે વ્યાજબી હોય તો નિર્ણય કરો અને જો તે ગેરવ્યાજબી કે વ્યર્થ હોય તો તેને રદ કરો

→ તેણે એક હકીકત તૈયાર કરવી પડશે કે ન્યાય અથવા તો હીતની ખાતર ફેર ગણતરી જરૂરી છે અને હાલની ગણતરી ભૂલભરેલી છે.

# મતગણતરી કામગીરી

દરેક કિસ્સામા તમારું નિવેદન એમ જ કેમ છે તે અંગેના કારણો નોંધો

કાળજીપૂર્વકની ફેર ગણતરી બાદ જો કોઈ ફેરફાર હોય તો તે બાબતની જાહેરાત કરો.

ફાઈનલ રીઝલ્ટ શીટમાં સહી કર્યા  બાદ ફેર ગણતરી માટેની કોઈપણ માંગણીનો અસ્વિકાર કરો

જો પહેલી ફેર ગણતરીમાં સામાન્ય બદલાવ હોય તો બીજી ફેર ગણતરીની માંગણી ગેર વ્યાજબી છે.

# મતગણતરી કામગીરી

- નોંધાયેલા મતોની ચોકસાઇ પૂર્વક ગણતરી કરવાની તમારી જવાબદારી છે. એથી તમે કોઈપણ સમયે તમારા સ્ટાફને મતોને ફરી વખત ગણવાનો હુકમ આપી શકો છો.
- જયાં ચૂંટણીનો ફરક પોસ્ટલ મતો દવારા થવાનો છે, ત્યાં પોસ્ટલ બેલેટ મતોની ગણતરી બીજી વખત કરવી ફરજિયાત છે, ભલે કોઈ તે માટે કહે કે ન કહે.



# મતગણતરી કામગીરી

જો અનિવાર્ય સંજોગોને લીધે તમારે ગણતરી મોકૂફ કરવી પડે છે તો દરેક ઈવીએમ અને ચૂંટણી કાગળોને સીલ મારો

જયાં સામગ્રી સંગ્રહાયેલી પડેલી છે ત્યાં દરેક ઉમેદવાર અથવા એજન્ટને પણ પોતાનું લોક મારવાની મંજૂરી આપો

ઓબ્ઝર્વર પાસે પરિણામ જાહેર થાય તે પહેલાં જ મતગણતરી કોઈપણ સમયે અટકાવવાની સતા છે તેમ જ પરિણામો જાહેર કરતાં અટકાવવાની સતા છે જો તેને એવું જણાય કે (૧) ખૂબ જ મોટી સંખ્યામાં પોલીંગ સ્ટેશનો પર બૂથ કેપ્ચરીંગ થયું હોય. (૨) મતદાન કે મતગણતરી માટે નક્કી થયેલ સ્થળો પરની તમારી કસ્ટડીમાંથી ગેરકાયદે બેલેટ પેપર્સ લેવામાં આવ્યા હોય. (૩) ચૂંટણી મટીરીયલ્સ વ્યાપક રીતે અકસ્માતે એટલી હદે નાશ પામી હોય કે નુકશાન પામી હોય કે ચેડાં થયા હોય કે જેથી પરિણામની જાહેરાત ન થઈ શકતી હોય

# મતગણતરી સ્થળે માળખાગત વ્યવસ્થા અને સલામતી વ્યવસ્થાઓ

- ચૂંટણી પરિણામોની ખાતરી બાદ કંટ્રોલ યુનિટને નિયમ - ૬૪-ગ મુજબ સીલ મારેલા હોવા જોઈએ,
- નીચે મુજબની પ્રક્રિયા પ્રમાણે ફરી સીલ મારવું.

બેટરી દૂર કરો અને કેન્ડસેટ સેક્શન ને ફરી સીલ મારો → રીઝલ્ટ સેક્શનનું બહારનું કવર બંધ કરો અને તેને ફરી સીલ મારો → સીયુને તેની બેગમાં મૂકો → બેગને ફરી સીલ મારો

→ નીચેની બાબતો સમાવતી વિગતો સાથેનુ એડ્રેસ ટેગ જોડો → ચૂંટણીની વિગતો → મત વિસ્તારનું નામ → જે મતદાન કેન્દ્રોમાં કંટ્રોલ યુનિટ વપરાયા છે તેની વિગતો

→ કંટ્રોલ યુનિટનો સીરીયલ નંબર → મતદાનની તારીખ → મત ગણતરીની તારીખ → બધા જ સીલ ઉપર તમારું વધારાનું સીક્રેટ સીલ પણ મારો

# મતગણતરી કામગીરી

## ચૂંટણીલક્ષી કાગળો કે જેને સીલ મારવાની જરૂર છે તે:

- મતદાર સ્લીપ સહિતના નમૂના - ૨૩ ક નાં રજીસ્ટરના પેકેટ
- ન વપરાયેલા પોસ્ટલ બેલેટ પેપર્સ નકલો સાથેના પેકેટ
- વપરાયેલા પોસ્ટલ બેલેટ પેપરના પેકેટ - માન્ય કે અમાન્ય પોસ્ટલ બેલેટના પેકેટ - તેમ જસાથે જોડાયેલ રસીદોના કવરો તથા પેકેટ
- ચેડા થયેલા વપરાયેલા કે ન વપરાયેલા બેલેટ પેપરના પેકેટ
- ન વપરાયેલા બેલેટ પેપર (વધારાના)ના પેકેટ
- નિશાનીઓ કરેલી મતદાર યાદીની નકલોના પેકેટ
- મતાધિકારીઓની સહી સાથેના સોગંદનામા પેકેટ

# મત ગણતરી પૂર્ણ થયે ઈવીએમ અને ચૂંટણી  સાહિત્ય સીલ મારવા

પેકેટને સીલ મારવાની પ્રક્રિયા માટે એક અધિકારીની નિમણૂક કરો

આ બધું જ સ્ટીલની પેટીમાં મૂકો

પ્રત્યેક પેટી બે લોક સાથે બંધ કરો અને બધા લોકને પણ સીલ મારો

લોક ઉપર સીક્રેટ સીલ નથી મારવાનું

# મત ગણતરી પૂર્ણ થયે ઈવીએમ અને ચૂંટણી મટીરીયલ્સને સીલ મારવા

ઈવીએમ અને ચૂંટણી મટીરીયલ્સને સીલ માર્યા બાદ તે અંગેની કાર્યવાહી નોંધ તૈયાર કરવી જોઈએ.

મતગણતરી હોલમાં હાજર ઉમેદવારો/એજન્ટોની સંપૂર્ણ વિગતો

જો ઉમેદવારો/એજન્ટો ઈચ્છે તો તેમને પણ પોતાનું સીલ મારવા અંગે કહેવાયું છે તેની હકીકત

જે વ્યકિતએ સીલ મારેલ છે અને જે વ્યકિતએ સીલ મારવા અંગે મનાઈ કરેલ છે તેની વિગતો

કાર્યવાહી નોંધમાં સહી કરો અને તેમાં જો કોઈ ઉમેદવારો તેમ જ એજન્ટો ઈચ્છે તો તેની પણ સહીં કરાવો

# મત ગણતરી પૂર્ણ થયે ઈવીએમ અને ચૂંટણી  મટીરીયલ્સને સીલ મારવા

- આ પ્રમાણે સીલ મારેલા ઈવીએમ અને ચૂંટણી સાહિત્ય જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સલામત કસ્ટડીમાં રાખવામાં આવશે.
- જિલ્લા ચૂંટણી અધિકારી આ બધી સામગ્રીને તિજોરી/પેટા તિજોરીમાં ગોઠવશે અને તેમાં ડબલ લોક મારીને તેની એક ચાવી તે પોતે રાખશે.
- કોર્ટના હુકમ સિવાય કોઈ તેને ખોલી કે તપાસી શકશે નહીં.

# ચૂંટણી પરિણામની જાહેરાત કરવી

- જો બે ઉમેદવારોના મતો સરખા થાય તો ચિઠ્ઠી દ્વારા પરિણામની જાહેરાત કરવામાં આવશે.
- અસામાન્ય કિસ્સામાં રાજ્ય ચૂંટણી આયોગને સૌ પ્રથમ બાબતની જાણ કરવી
- રાજ્ય ચૂંટણી આયોગના હુકમોને આધિન પરિણામોની જાહેરાત

# ઉમેદવારોને ડીપોઝિટ પરત કરવી



# ચૂંટણી પરિણામ જાહેરાત અને પ્રસિદ્દિ

- કોઇ મતદાર વિભાગમાં અથવા યથાપ્રસંગ ગામમાં માત્ર એકજ હરીફ ઉમેદવાર હોય તો ચૂંટણી અધિકારી તે રીતે હરીફ ઉમેદવારને ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ પછી નમૂના – ૧૨(ક) મુજબ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરશે અને  તેની જાણ રાજ્ય ચૂંટણી આયોગને કરશે.
- જિલ્લા તાલુકા પંચાયતઓની હરીફાઈવાળી ચૂંટણીઓની બાબતમાં ચૂંટણી અધિકારી નમૂનો – ૨૮(ક) માં પરિણામ જાહેરાત કરશે.
- ચૂંટણી અધિકારી પાસેથી નમૂના – ૧૨(ક) અથવા ૨૮(ક) પ્રમાણે પરિણામની જાહેરાત મળે કે તુરત ચૂંટણી આયોગે પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર તેની સહી કરેલી નકલ ચોટાડીને લાગુ પડતાં હોય તે પ્રમાણેનાં નમૂના – ૨૯(ક),          ૩૦(ક) અથવા ૩૧(ક) પ્રમાણે ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ની      કલમ–૧૫ની પેટા કલમ – ૪ હેઠળ યથા પ્રસંગે ચૂંટાયેલા સભ્યોનાં નામો પ્રસિધ્ધ કરવા જોઇશે.